સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

લોકાર્પિત કામો ગાયબ કરશે જાદુગર!
- ને નાખેલા પાયા અલોપ કરશે જાદુગર!
કરશે પ્રચારમાં પણ જાદુગરો ના ખેલ -
મત મશીને પણ જાદુ કરશે જાદુગર!
(જાદુ થી ખીલસે કમળ...)

હાઈકુ

આ દુનિયામાં -
તરફડે બાળકો -
જન્મ લેતાં જ...
(જીવવું દુશ્કર બન્યું)

નિવેદનો માં,
થાય તોડમરોડ -
મૌનમાં મજા...
(ચૂંટણી રાજકારણ)

ચિંતન

જબ લગ તન મેં આહૈ સોઈ, તબ-લગ ચેતિ ન દેખૈ કોઈ ।
તબ વિતિહો જબ તજિહો પ્રાણા, ભયા અંત તબ મન પછિતાના ॥

ઉપરોક્ત ચોપાઈ કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જ્યાં સુધી શરીર સ્વસ્થ રહે છે. ત્યાં સુધી પરમાત્માનો વિચાર-ધ્યાન વગેરે કલ્યાણના સાધન થઈ શકે છે. ઘડપણ આવતાં ચિંતન, મનન વગેરે થઈ શકતાં નથી. પણ ખેદની વાત એ છે કે, ત્યાં સુધી કોઈ પરમાત્માના સાક્ષાત્કાર કરવાનો વિચાર જ કરતા નથી. સ્વસ્થ અવસ્થામાં સાધના નહિ કરશો તો ક્યારે કરશો ? પાછળથી પસ્તાવું પડશે. પણ ત્યારે પસ્તાવો નકામો - નકામો જશે. અને દેવદુર્લભ મનુષ્ય શરીર વ્યર્થ ચાલ્યુ જશે.

શ્રવણાદિ સ્વસ્થ અવસ્થામાં જ થઈ શકે છે, પણ લોકો સમજતા નથી અને અમૂલ્ય સમય વ્યર્થ વીતી જાય છે. મનુષ્યનું પતન કરનારા વિષયોમાં જીવ તલ્લીન થઈ જાય છે.

સુવિચાર

- છેલ્લા શ્વાસે જે કરવાનું છે તે અત્યારે જ કરી લો - **ભવભૂતિ**
- જગતનો કોઈ શબ્દ આપણને વિચલિત ન કરે એવા 'ટેસ્ટેડ' થઈ જવું જોઈએ - **દાદા ભગવાન**
- એક બાજુ લૂંટમાં ભાગ રાખવો અને બીજી બાજુ લૂંટની નિંદા કરવી, દંભને આવા બે ચહેરા હોય છે - **સંત ઓગસ્ટીન**
- જે વ્યક્તિ બહારની વાહવાહ ઈચ્છે છે તે પોતાનો આનંદ બીજાની મુઠ્ઠીમાં રાખે છે - **જનકલ્યાણ**
- કાલે કમાઈશું એવી આશાએ આજની જરૂરિયાતો માટે દેવું કરવું એ મૂર્ખાઈનું લક્ષણછે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગી એ ક્ષમાપનાઓની લાંબી યાત્રા છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : અડધા તોલા લીંબુના બીનું ચૂર્ણ કરી પાણી સાથે પીવાથી પેશાબ છૂટથી થાય છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

રાજાભોજ જ્ઞાન અને વિદ્યાના વિકાસ માટે ખૂબ ઉદારતા દાખવતા. વજીરને એમ થતું કે જો આમ ને આમ રાજા લક્ષ્મીનું દાન કર્યા કરશે તો ખજાનો ખાલી થઈ જશે. પણ રાજા ભોજને આ વાત કહેવી કઈ રીતે ? શાણા વજીરે રોજ ફરવા જવાના બગીચામાં એક ભીંત ઉપર સંસ્કૃત પદ્યમાં લખ્યું, 'આફતકાળમાં કામ આવે તે માટે લક્ષ્મીનું ધનનું રક્ષણ કરવું જોઈએ.' ચતુર ભોજ રાજા સમજી ગયા એટલે એ પંક્તિની નીચે એમણે લખ્યું,.. 'લક્ષ્મીનો સદ્વ્યય કરનારને આફત આવે જ શાની ?' આ વાંચીને વજીરે ત્રીજી પંક્તિ લખી, 'લક્ષ્મી ચંચળ છે, ગમે ત્યારે નાશ પામી શકે છે. એવે વખતે સંગ્રહ કરેલી લક્ષ્મી જ ઉપયોગમાં આવે છે.' રાજા ભોજે ચોથી પંક્તિમાં લખ્યું, 'જો લક્ષ્મી ચંચળ જ હોય ને જતી જ રહેવાની હોય તો પછી સંગ્રહ કરેલી લક્ષ્મી પમ શી રીતે ટકશે ?' વજીરને લાગ્યું કે રાજા ભોજની વાત પોતાની વાત કરતાં વધારે સાચી છે... વજીરે રૂબરૂમાં ભોજરાજા ને વંદન કરતાં કહ્યું, 'મહારાજા! આપ ખરેખર જ્ઞાની છો, વિદ્યાને મહત્ત્વ આપીને આપ સહુનું કલ્યાણ કરો છો. લક્ષ્મીનો સંગ્રહ હું અનિવાર્ય સમજતો હતો પણ હવે લાગે છે કે એવો પરિગ્રહ તો માણસની પામરતા પ્રગટ કરે છે, ખરેખર ! લક્ષ્મીની શોભા તો એના સદ્ઉપયોગમાં જ છે.'

સરદારનો રાજકીય દુરુપયોગ અનુચિત

તંત્રીસ્થાનેથી...

અખંડ ભારતના શિલ્પી અને દેશના લોહપુરુષ સરદાર પટેલને સૌથી પહેલું 'ભારત રત્ન' સમ્માન અપાવું જોઈતું હતું એવી અમિત શાહની દલીલ સાથે કોઈ પણ ભારતીય નાગરિકને સહમત થવું ગમે, પરંતુ જો આઝાદી બાદ તાબડતોબ આવું સમ્માન યોજાયું હોત તો તે વખતે 'ભારત રત્ન'નો નિર્ણય કરનારા જ સરદાર પટેલ અને પંડિત નહેરુ હોત - એનું શું ? નિર્ણાયકો પોતે જ સમ્માન સ્વીકારી લે એમાં ઔચિત્ય ખરું ? સરદારના મૃત્યુ બાદ એટલે કે ૧૯૫૦નાં પછીનાં વર્ષોમાં આ સમ્માન આપવાનો પ્રારંભ થયો ત્યારે રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાર જરૂર સરદારના નામનો આગ્રહ રાખી શક્યા હોત. એમ ન બની શક્યું એમાં પંડિત જવાહરલાલ નહેરુને જ જવાબદાર ઠેરવવા કેટલું ઉચિત ગણાય ? પરંતુ એ સાચું કે પંડિત નહેરુ કે ઈંદિરા ગાંધીએ બલકે લાલબહાદુર શાસ્ત્રીએ પણ એમના શાસનકાળ દરમિયાન સરદાર પટેલને 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ સન્માન માટે યોગ્ય ન લેખ્યા એટલે ભારતીય જનતા પાર્ટી સહિત તમામ કોંગ્રેસ વિરોધી પરિબળોને સામે ચાલીને મુદ્દો તો મળી જ ગયો હતો. પરંતુ એ પછીનાં વર્ષોમાં સરદાર પટેલને રાજીવ ગાંધી સાથે 'ભારત રત્ન' આપવાની કોંગ્રેસી નેતાગીરીની ચેષ્ટા પણ બૂમરેંગ થઈ હતી. મહાત્મા ગાંધીની જેમ સરદાર પટેલ પણ આવા કોઈ સમ્માનના મોહતાજ ન હતા. એમને ઓછા આંકીને નહેરુ ગાંધી પરિવારના વર્ચસ્વવાળી કોંગ્રેસ લાંબે ગાળે તો પોતાની જ ઘોર ખોદી રહી હતી. આખરે સરદારને આખેઆખા હાઈજેક કરવામાં ભારતીય જનતા પાર્ટીને સફળતા સાંપડી અને જેની પાસે સ્વાતંત્ર્ય ચળવળ વખતની લેશ માત્ર મૂડી નહોતી તથા જેની પિતૃસંસ્થાને સરદાર પટેલે ઝેર ઓકનારી અને ગાંધીજીની હત્યા માટેનું વાતાવરણ સર્જનારી એજન્સી ગણાવી હતી એ જ સરદાર ભારતીય જનતા પાર્ટી માટે મતો મેળવવાનું સાધન બની ગયા. સરદાર પટેલના આત્માને આ બધું ગમે ખરું ? શું સરદારને એમની આભ ઊંચી પ્રતિમા બનાવવાનું ગમે? એ તો પાઈ પાઈનો સદુપયોગ દેશના છેવાડા માનવીના ભલા માટે કરાય એવું જ ઈચ્છે. એમને અબજો રૂપિયા ખરચી ભવિષ્યના કોઈ વડાપ્રધાન પોતાની પ્રતિમા બનાવવાનો કોન્ટ્રાક્ટ ચીની કંપનીને આપે અને પોતાના નામનો રાજકીય ઉપયોગ સત્તા હસ્તગત કરવા અથવા ટકાવી રાખવા કરે તે હરગિજ ન જ ગમ્યું હોત. પરંતુ આજે તો સરદાર પાટીદાર સમાજથી લઈ ભારતીય જનતા પાર્ટી સુધીનાં પરિબળો માટે હાથવગું અને હોઠવગું હથિયાર બની ચૂક્યા છે. સરદારની ઉપેક્ષા કરવાનું કોંગ્રેસને પણ પોસાય એમ નથી, પણ તત્કાલીન સંજોગોમાં એમની કેટલીક રાજકીય દૂરંદેશી ભરી સલાહ કોંગ્રેસની નેતાગીરીએ અર્થાત્ ગાંધીજી સહિત પંડિત નહેરુએ ન માની - એ ઈતિહાસ રહી રહીને કોંગ્રેસને નડી રહ્યો છે. જો કે સરદાર પટેલની બહુમતી બલકે એમના નામ પર કોંગ્રેસમાં જ સર્વસંમતિ હોવા છતાં વડાપ્રધાન પદ માટે નહેરુના નામનો આગ્રહ રાખવા પાછળ પણ ગાંધીજી પાસે વાજબી કારણો હતા. સરદાર કરતાં નહેરુ આંતરરાષ્ટ્રીય રાજપુરુષ તરીકે વધુ લાયક હતા અને સરદારને જલોદરની બિમારી હોઈ એ લાંબુ ખેંચી શકે એમ પણ ન હતા. ગાંધીજીને 'રાષ્ટ્રપિતા' જેવું બહુમાન આપતા હોઈએ તો એમણે કરેલા નિર્ણયની ટીકા એ ખુદ ગાંધીજીની જ ટીકા ગણાશે. જો કે ભારતીય જનતા પાર્ટી માટે ગાંધીજી ખાસ મહત્ત્વના નેતા નથી રહ્યા, સિવાય કે 'સ્વચ્છ ભારત' જેવી ઝુંબેશ જેવા કાર્યક્રમ પૂરતા. મોદીને ક્યારેક ગાંધીજીની જેમ ઝાડુ લઈને સફાઈ કરવાનો ઉમળકો ઊપડે છે પરંતુ ગાંધીજી તો કોંગ્રેસની અસ્કામત બની રહ્યા હોઈ વધુ ઉપયોગી તો સરદાર જ રહ્યા છે. સરદાર જયંતિના દિવસે જ ઈંદિરા ગાંધીની શહીદીનો દિવસ પણ આવતો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી અને વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહની સાથે જ વર્તમાન રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન પણ ઈંદિરાજીના સ્મારકને અંજલી આપવા ગયા હોત તો કેવું રૂડું સૌમનસ્યપૂર્ણ વાતાવરણ સરજાયું હોત !

કર્મની ગતિ અતિ ગહન છે!

પી.એમ. પરમાર

આ 'મારા' આ 'મારી' - એની જ છે બધે 'મારામારી'. આ 'મારું', આ 'તારું' - એ એટલે જ જીવનમાં 'અંધારું'. અંધારું જ જો આપણું હોય તો પારકું અજવાળું શું કામનું ? કોઈના દુઃખ માટે અહીં કોઈ જવાબદાર નથી, પોતાના દુઃખ માટે દરેક માણસ પોતે સ્વયં જ જવાબદાર છે. બાવળ વાવ્યા પછી ક્યાંક કેસર આંબો ઊગ્યાનું હજુ સુધી તો સાંભળ્યું નથી. વાવો તેવું લણો, કરો તેવું પામો.

પાંચસો ગાયોનું ટોળું છે તેમાં એક વાછરડાંને છૂટું મુકી દો તો એની માના આંચળ શોધી જ લે છે. એમ કરેલું કર્મ તેના કર્તાને સાત અબજની વસતિમાંથી શોધી જ લે છે. સારા કર્મનું ખરાબ ફળ અને ખરાબ કર્મનું સારું ફળ ખુદ સાક્ષાત્ ભગવાન પણ આપી શકતા નથી. કર્મના કાયદામાંથી તો ભગવાન પણ બાકાત નથી. રામને રાવણ મળે અને કૃષ્ણને કંસ મળે - કોઈ ઉપાય ખરો ?

કર્મનો મર્મ ગહન છે. મારે અમેરિકામાં જન્મ લેવો છે પણ હું એમ કરી શકતો નથી. જ્યાં જ્યાં મારે મારા સારા-ખરાબ કર્મોનાં ફળ ભોગવવાનાં બાકી છે તે ગામમાં જ, જ્યાં કંઈ લેણદેણ બાકી છે તેવાં સ્વજનોમાં જ મારો જન્મ નિશ્ચિત છે. આ કર્મફળને આધીન જ મને માતા, પિતા, ભાઈ, બહેન, પત્ની, બાળકો અને સગાંવહાલાં આપોઆપ અનાયાસ જ મળી જાય છે. કર્મક્ષેત્રનું પણ એવું જ.

આ પ્રક્રિયા સ્વયં સંચાલિત છે એ માટે કોઈ ઑફિસ નથી કે ચિત્રગુપ્તના ચોપડા નથી. આ એટલી જ સહજ પ્રક્રિયા છે જેમ પાણીમાં આપોઆપ પરપોટા થાય છે ; સમુદ્રમાં તરંગોની સતત આવન-જાવન થાય છે કે ઋતુ આવતાં જે તે છોડને જે તે પુષ્પ કે ફળ બેસે છે. કર્મ ફળ માટે કોઈનીય કોઈ લાગવગ ચાલતી જ નથી. જેટલા કર્મો સારાં કરો તેટલાં જ સારાં ફળ અને જેટલાં ખરાબ કર્મો કરો તેટલાં જ ખરાબ ફળ ભોગવવા મળે છે - કોઈ પણ પ્રકારની છટકબારીની અહીં વ્યવસ્થા જ નથી.

હરિશ્ચંદ્ર - તારામતીને ભરબજારે વેચાવું પડે છે; નળ દમયંતિને અર્ધા વસ્ત્રે વનમાં ભટકવું પડે છે; રજઃસ્વલા હોવા છતાં દ્રૌપદીનાં ચીર બરી સભામાં ખેંચાય છે, અહલ્યાને પથ્થર બનવું પડે છે, શ્રીરામને ચૌદ વરસ વનવાસ ભોગવવો પડે છે, એક સામાન્ય પારધીના હાથે શ્રીકૃષ્ણને મરવું પડે છે, યુધિષ્ઠિર હોવા છતાં પાંડવોને બાર વરસ વનવાસ જવું પડે છે, સતિ સિતાજીને અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે - એ સૂચવે છે કે જ્યાં સુધી તમારાં કર્મફળ બાકી છે ત્યાં સુધી જન્મ થતાં જ રહે છે, નરસિંહ મહેતા સાચું જ કહે છે કે :

સુખ-દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

ધૃતરાષ્ટ્ર તેમના એક જન્મમાં રાજવી હતા. શિકારનો ખૂબ શોખ. એક વખત જાળ ફેંકી તો ચણ ચણતાં સો પક્ષી ફસાઈ ગયાં. રાજવીએ તેમાં આગ ચાંપી. પક્ષીઓને બળતાં જોઈ તે ઝૂમી ઊઠ્યા. આમાં તેમણે ખૂબ આનંદ આવતો. પણ આ રાજવી બ્યાસી (૮૨) જન્મ પછી ધૃતરાષ્ટ્ર થયા અને તેમને સો કૌરવો પુત્રો તરીકે પ્રાપ્ત થયા. કુરુક્ષેત્રના યુદ્ધમાં આ પુત્રોના વારાફરતી થયેલા નાશથી જે દુઃખ મળ્યું તે પક્ષીઓને પેલા બાળવાનું કુકર્મ સાથે સરભર થઈને જ રહ્યું. કર્મની ગતિ ગહન છે.

બેન્કમાં મારું ખાતું છે. જો મારે પૈસા ઉપાડવા હોય તો સૌ પ્રથમ મારા ખાતામાં પૈસા પ્રથમ મારા ખાતામાં પૈસા જમા હોવા જોઈએ એ પ્રાથમિક શરત છે. બેન્કમાં જો ખાતું જ ન હોય તો કોઈ લેવડદેવડ થઈ શકતી જ નથી એમ હું સમગ્ર જીવનમાં સારું કે ખરાબ એક પણ કર્મ કરતો જ નથી તો પછી સુખ કે દુઃખ આવતાં જ નથી કે મારે કોઈ જન્મ લેવો પડતો જ નથી. જેને ગીતા 'મોક્ષ' કહે છે. આત્માનું પરમાત્મા સાથે મિલન એ જ મોક્ષ.

અનુસંધાન પાના નં. ૫ પર

પ્રભુના અંતરનો એક તાર માંગનારા કવિ 'બાદરાયણ'ની વાતો

મનના ઉમંગો

રણછોડ પરમાર

કવિ બાદરાયણ એટલે ભાનુશંકર બાબરભાઈ વ્યાસ. તેમનો જન્મ ૧૯૦૫ માં મોરબીમાં(કે કચ્છમાં આધોઈમાં?) થયો હતો. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મોરબીમાં લીધું હતું અને રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કુલમાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરી હતી. કોલેજ શિક્ષણ માટે મુંબઈ આવ્યા અને એલ્ફિસ્ટન કોલેજમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ. થયા. ૧૯૩૦ માં ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે એમ. એ. થયા. નરસિંહરાવ દિવેટિયા તેમના ગુરૂ હતા.નરસિંહરાવે તેમના ઘણા વિદ્યાર્થીઓ (ચંદ્રવદન મહેતા, સુંદરજી બેટાઈ, કાંતિલાલ વ્યાસ, રમણ વકીલ, અમીદાસ કાણકિયા, બાદરાયણ)ને પ્રેરણા આપી કવિતા લખતા કરી દીધા હતા. એમ.એ. થયા પછી બાદરાયણે બે ઠેકાણે પાર્ટટાઈમ નોકરી સ્વીકારી. કબી હાઈસ્કુલમાં સંસ્કૃતના શિક્ષક તરીકે અને ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે. ત્યારે તે કાવ્યો લખતા થઈ ગયા હતા. કવિસંમેલનોમાં જતા. રેડિયો-નાટકમાં ભાગ લેતા. તેમનો અવાજ બુલંદ હતો અને ઉચ્ચારો એકદમ સ્પષ્ટ હતા. તેમની કાયા પડછંદ, ચાલ છટાદાર, વર્ણ ઉજળો, મુખમુદ્રા પ્રભાવશાળી અને કાયમ પાન ખાવાથી હોઠ લાલ રહેતા. તેઓ હસમુખા, મળતાવડા અને નિરાભિમાની હતા. મુંબઈના સમાજમાં બાદરાયણ એક મોટું નામ ગણાતું હતું. જીવ્યા ત્યાં સુધી તેમણે ખાદી પહેરી. તેઓ સફેદ ખાદીના કોટ-પેંટ પહેરતા. ટાઈ પણ મોટે ભાગે સફેદ જ પહેરતા.જાહેરસભાઓમાં પહેરણ અને ધોતિયું પહેરતા. તે જમાનામાં ઘણા અધ્યાપકો ઘેર હંમેશા ધોતિયું પહેરતા.

એક વાર કોઈએ બાદરાયણ નામનો અર્થ પૂછ્યો ત્યારે તેમણે કહેલું કે બાદરાયણ એ વિષ્ણુનું એક નામ છે. બાદરાયણ શબ્દ બદરી એટલે કે બોરડી પરથી આવ્યો છે. પછી તેમણે બાદરાયણ સંબંધ એટલે શું તે સમજાવ્યું. કોઈ પણ સંબંધ તાણીખેંચીને બાંધી દેવામાં આવે તેને બાદરાયણ સંબંધ કહેવાય છે. પ્રાચીન સમયમાં એક શ્રીમંત ને ત્યાં લગ્નપ્રસંગ હતો. ઘણા બધા લોકો જમવા આવ્યા હતા. એમાં બે અજાણ્યા માણસો જમવામાં ઘુસી ગયા. યજમાને પૂછ્યું, 'ભાઈ, તમને ઓળખ્યા નહીં !' પેલા કહે, 'અમને ના ઓળખ્યા? આપણો તો બાદરાયણ સંબંધ છે.'યજમાન તો વિચારમાં પડી ગયા, ફરી પૂછ્યું, 'બાદરાયણ સંબંધ ? એ વળી કેવો સંબંધ ?' 'ત્યારે મહેમાનોએ કહ્યું. તમારે ત્યાં જે બોરડીનું ઝાડ છે અને અમારે ઘેર ગાડાનું પૈડું છે તે બોરડીના ઝાડના લાકડામાંથી બનાવેલું છે. આ બંને બોરડીઓ માદીકરી થાય.' આ રીતે બાદરાયણ સંબંધ એક રૂઢપ્રયોગ બની ગયેલો. (આપણે તો કેટલું બધું ભૂલવા માંડ્યા છીએ?)

વિદ્યાર્થીઓને સાહિત્યકારોનો રૂબરૂ પરિચય થાય તે હેતુથી શ્રી બાદરાયણ કોલેજના વર્ગમાં અવારનવાર જાણીતા લેખકો અને કવિઓને લઈ આવતા. એકવાર તેઓ જ્યોતિન્દ્ર દવેને લઈ આવ્યા.લાંબો કોટ, ધોતિયું અને ટોપી પહેરેલા જ્યોતિંન્દ્રની ઓળખાણ આપતા તેમણે કહેલું, 'આમનું શરીર એટલું બધું દુબળું અને હાડકા દેખાય એવું છે. જાણે કે તેઓ કોઈ દુકાળમાંથી આવ્યા ના હોય !' જ્યોતિન્દ્રે બહુ સરસ જવાબ આપેલો, 'હું દુકાળમાંથી આવ્યો હોય તેવું લાગે છે. પણ, બાદરાયણનું શરીર જોઈ તમને નથી લાગતું કે તેઓ ક્યાંક દુકાળ પાડીને આવ્યા છે ? 'તેમની આ મજાક તો પછી અનેક સભાઓમાં કહેવાતી થઈ.બંને ગાઢ મિત્રો હતા, એટલે માઠું લાગવા-લગાડવાનો કોઈ પ્રશ્ન ન હતો.

જેમને પાન ખાવાની આદત હોય તેવા કેટલાક લોકો લહેરી સ્વભાવના થઈ જાય છે. બાદરાયણ સાથે પાન ખાનારાઓમાં જ્યોતિન્દ્ર દવે અને અમીદાસ કાણકિયા વગેરે હતા.પાનનો રસ ઘુટાતો હોય ત્યારે ઝટ ઉભા થવાનું મન થાય નહીં વધારામા શ્રી બાદરાયણનું શરીર ભારે એટલે ચાલવામાં કદી ઝડપ આવે નહીં. કબીબાઈ હાઈસ્કુલમાંથી નીકળીને ઝેવિયર્સ કોલેજના વર્ગમાં જતાં તેઓ મોટેભાગે મોડા પહોંચતા. વિદ્યાર્થીઓ પણ આ વાતથી ટેવાઈ ગયા હતા. કેટલાયે સાહિત્યિક કાર્યક્રમોમાં બાદરાયણ અને જ્યોતિન્દ્ર મોડા પડતા ત્યારે જ્યોતિન્દ્ર એમની અદામાં ખુલાસો કરતા કે,' અમારે મોડું થયું કારણ કે અમે 'પીવા' ગયા હતા(બધા હસી પડતા), પણ બીજું કંઈ નહીં ચા પીવા ગયા હતા.'

બાદરાયણ અને સુંદરજી બેટાઈ બંનેને નરસિંહરાવના વિદ્યાર્થી હતા ત્યારથી જ કાવ્યની લગની લાગેલી. એમણે એક નવો પ્રયોગ વિચાર્યો હતો. કોઈ કાવ્યરચના થાય એટલે બંને જણાએ તેને જોઈ જવી, ચકાસવી, સુધારવી અને એક જ નામે એને પ્રગટ કરવી. આ માટે તેમણે એક પૌરાણિક નામ પસંદ કર્યું, 'મિત્રાવારુણી.' તેમણે આ રીતે ઘણા કાવ્યો લખ્યાં અને પ્રગટ કર્યાં. એક નાનો સંગ્રહ પણ બનાવ્યો. પરંતુ પછીથી બંનેનું કાવ્યસર્જન એવું વેગવંતુ બન્યું કે કાવ્યો પોતાના નામે પ્રગટ કરવા માંડ્યા. સુંદરજી બેટાઈએ 'જ્યોતિરેખા' અને 'ઈન્દ્રધનુ' એમ બે કાવ્યસંગ્રહ પ્રગટ કર્યા. બાદરાયણે ૧૯૪૧ માં 'કેડી' નામનો સંગ્રહ કર્યો હતો. તે પછી એક આખો સંગ્રહ થાય તેટલા કાવ્યો તેમણે લખ્યા હતા. પણ જીવનના અસાધારણ વળાંકને કારણે બીજો સંગ્રહ પ્રગટ કરવાનો તેમને કોઈ ઉત્સાહ રહ્યો નહીં. બાદરાયણ છંદોબધ્ધ અને ગેય બંને પ્રકારના કાવ્યો લખતા.એમણે મુક્તકો, સોનેટ, દીર્ઘ ચિંતન કાવ્યો,પદ, ભજન વગેરે લખ્યા છે. છંદોબધ્ધ કરતા તેમને ગેય કાવ્યો વધુ અનુકૂળ હતા. કોઈ વિષય, ભાવ કે વિચાર પર તેઓ તુરત જ કાવ્ય લખી શકતા. દીપોત્સવી અંકો માટે ચારે તરફથી કાવ્યોની ભારે માંગ રહેતી. એક વખત એવું બન્યું કે એક તંત્રીને તેઓ સમયસર કાવ્ય મોકલી શક્યા નહીં. તંત્રીશ્રીએ પોતાના એક પત્રકારને તેમના ઘેર મોકલ્યો. તેણે કવિ પાસે કવિતાની ઉઘરાણી કરી. કવિ કહે, 'તારી પાસે દસ મિનિટનો ટાઈમ છે ?' પત્રકારે કહ્યું 'જરુર'. એટલે બાદરાયણે કહ્યું. 'આપ દસ મિનિટ અહીં બેસો અને આ સામયિક વાંચો. પણ એક શબ્દ બોલતા નહીં.' પછી બાદરાયણ પાંચ મિનિટ આંખો બંધ કરી કાવ્ય સર્જનના ભાવમાં આવી ગયા. કાગળ પેન લઈ મનમાં જે કાવ્યનું ગુંજન ચાલતું હતું તે કાગળ પર ઉતારી દીધું. એક સરસ ગીતની રચના થઈ ગઈ. બાદરાયણમાં આવી શક્તિ હતી. તેમનું સૌથી પ્રસિધ્ધ ગીત 'આપને તારા અંતરનો એક તાર, બીજું હું કાંઈ ના માંગુ રે.' પણ થોડીક ભાવદશા પછી આ રીતે લખાયેલું ગીત છે. તે 'કેડી' કાવ્યસંગ્રહમાં પ્રસિધ્ધ થયેલું છે.

૧૯૪૪ માં એક વિદ્યાર્થીને શ્રીમંત મિત્રના ભારે દબાણથી માર્ક વધારી અપાવાના ગુનાસર શ્રી બાદરાયણને યુનિવર્સિટીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. ત્યારે તેઓ આખી રાત રડ્યા હતા. ચહેરા પરનું કાયમનું સ્મિત ઉડી ગયું હતું. પછી બાદરાયણે પંદરેક વરસ વકીલાત કરી પણ કોઈ બરકત આવી નહીં. સતત આર્થિક ચિંતામાં વરસો પસાર થતાં હૃદયરોગની તકલીફ વધી હતી. શરીર પણ સ્થુળ હતું ૧૯૬ ૩માં અઠ્ઠાવન વર્ષની ઉંમરે તેમનું હૃદયરોગના હુમલામાં અવસાન થયું.

આ લેખ હું દિવાળીના શુભ અવસરે રજૂ કરી હું બે વાત ખાસ કહેવા માંગતો હતો.દિવાળી ગઈ પણ નવા વરસનું વાતાવરણ હજુ હવામાં છે એટલે આજે રજૂ કરું છું. એક, આપણા જીવનમાં શ્રી બાદરાયણના જીવનમાં જે કટુ પ્રસંગ આવ્યો હતો તેવા પ્રસંગ કદી ન આવે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ. જો કોઈ એવા પ્રસંગનો સામનો કરવાનો થાય તો ઈશ્વર આપણને તેની સામે લડવાની શક્તિ આપે. બીજુ ? હા, આ લેખની તમામ વિગતો સ્વ.શ્રી રમણલાલ ચી. શાહના પુસ્તક ''વંદનીય સ્પર્શ'' માંથી લીધેલી છે. આવી વાતો આજે જૂ કરી છે તે તમને ગમી હશે.

બીજું હું કાંઈ ન માગું
આપને તારા અંતરનો એક તાર ,
બીજું હું કાંઈ ન માગું
સુણજે આટલો આર્ત તણો પોકાર,
બીજું હું કાંઈ ન માગું
તુંબડું મારું પડ્યું નકામું,
કોઈ જુએ નહીં એની સામું;

અનુસંધાન પાના નં. ૫ પર

બધી મોટી-મોટી 'હસ્તીઓ' કરતાં... તમારી સાથે 'હસતી' વ્યક્તિને મહત્ત્વ આપો

લાગણીનો મેળો

રસિક વાળંદ

બુફેનો જમાનો છે, નથી બેસતી હવે પંગત,
સંગતમાં છે હરકોઈ પણ કહેવું કોને અંગત?

સંતાનોને ગામડું ગોઠતું નથી.... શહેરમાં રહેવાના અભરખા જાગ્યા છે... સુખ-સુવિધાઓથી સૌ લલચાય... સમયના બદલાવને બસ માત્ર સાક્ષીભાવે જોવો-માણવો રહ્યો... ગામડાનું ગમતીલું સ્મરણ હૈયે ટાઢક અર્પી જાય છે... હતું મારું એ ગામડું...!!

અમારે ગામડે મકાન 'કાચાં' હતા... માનવીઓ 'સાચા' હતા. સૌ પોતાને આંગણો નોંખા આટલા ઢાળી બેસતા છતાં સાવ લગોલગ જણાતા. આજે 'સોફા' અને 'ડબલ બેડ' આવી ગયા... પણ... છેટાપણું વધી ગયું ! છાણ-માટીથી લીંપાયેલા ઉજળા આંગળાને ખુલ્લા બારણા આતિથ્ય સત્કાર માટે અધીરા હતા... રસ્તે જનાર પણ સહજભાવે આવી ચઢે... ચા-પાણી કરે... હળેમળે... સાદી-સીધી વાત કરે ને હૈયે રાજીપો દબાવી હળવે પગલે ઢાળ ઉતરે...

કાગડા પણ બોલતા હતા... મહેમાન આવતા - જતા હતા... બસ એક માત્ર સાઈકલ હતી છતાં હળતા - મળતા... સંબંધો સાચવતા હતા. રૂઠેલાઓને મનાવતાં... પૈસા ઓછા હતા... પણ... માથે કોઈ ભાર નહોતા... સાચે જ ગામડાંના મકાનો 'કાચા' પણ... સંબંધો 'સાચા' હતા.

આજે ઘણું બધું મેળવી લીધું પરંતુ લાગે છે ઘણું બધું ગુમાવીને... જીવનની હડિયાપાટીમાં જીવન રંગત ખોવાઈ ગઈ છે.... હળવીફૂલ જિંદગી ભારેખમ થઈ ગઈ... એક સવાર હતી જ્યારે હસતાં હસતાં ઉઠતાં હતાં અમે અને આજે કેટલીયવાર વગર હસ્યે સાંજ પડી જાય છે ! કેટલા દૂ... ર... નીકળી ગયા... સંબંધો નિભાવતાં... નિભાવતાં... જાતને ખોઈ નાખી અમે... પોતાનાઓને મેળવતાં... મેળવતાં...!!!

ખેર, મારી આ લાગણી(વેડા!) શહેરી સંતાનોને ન સમજાય... અનુભવમૂલકથી પર છે સમય મળ્યે ગોકુળિયા ગામડે રાતવાસો ગુજારજો...

દોસ્તો,

એક માણસે કૂતરાના કાનમાં કંઈક કીધું. કૂતરાએ આપઘાત કર્યો... જંગલમાં ખળભળાટ મચી ગયો ! પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં આવ્યું... 'કૂતરાને ગાળ દીધેલી.'

સીબીઆઈ તપાસમાં બહાર આવ્યું, 'તું માણસ જેવો છે.' એવી હીનકક્ષાની ગાળ દીધી હતી, જેથી કૂતરાને લાગી આવ્યું.

સિંહે સભા બોલાવી.

કાગડાના આગેવાનોએ જણાવ્યું, શ્રાદ્ધ ખાવાનો સામુહિક બહિષ્કાર કરી અને માણસના પિતૃપદેથી પણ રાજીનામુ આપવું.

ત્યાં વચ્ચે શિયાળ બોલી ઊઠ્યું કે, અમે એક પણ વખત લુચ્ચાઈ કર્યનો દાખલો નથી છતાં બીજા ધોરણથી 'લુચ્ચો શિયાળ' પાઠ ભણાવે છે. જે તાકીદે અભ્યાસક્રમમાંથી દૂર કરવો.

ત્યાં વાંદરાએ સોગંધનામું સિંહના હાથમાં ધરતાં જણાવ્યું કે એમો માણસના પૂર્વજો હોવાનો માણસોનો દાવો પાયાવિહોણો અને અમોને બદનામ કરવાનો કારસો છે તેની નોંધ લેવી.

બધાં પ્રાણીઓનો કોલાહલ વધી ગયો. થોડી અવ્યવસ્થા સર્જાઈ. આ જોઈ સિંહ તાડૂક્યો, 'જો તમારે માણસવેડા કરવા હોય તો જવા દ્યો... મારે જંગલને શહેર નથી બનાવવું...'

●●●

પંખીઓને જોઈ આવ્યા ઘણા વિચાર,
નથી બેંકમાં ધન, અનાજ કે નથી ઘરબાર.
શું ખાવા મળશે ને ક્યાં નથી કોઈ ખબર.
તાપ - ઠંડી સહન કરે બારેમાસ બેસુમાર
છતાંયે સવારે ઊઠી આનંદથી કરે કલબલાટ.
પ્રભુ પર શ્રદ્ધા રાખી જીવે છે દિવસરાત.
(અને જુઓ!)
વિશ્વમાં શક્તિશાળી આ માનવજાત,
(બધું હોવા છતાંયે)
કરે છે રોજ પ્રભુને ફરિયાદ.

●●●

સ્પર્શમણિ

● બધી મોટી-મોટી 'હસ્તીઓ' કરતાં... તમારી સાથે 'હસતી' વ્યક્તિને મહત્ત્વ આપો.

●●●

● જરૂરિયાત મુજબ જિંદગી જીવો... શોખ મુજબ નહિં. કારણ કે, જરૂરિયાત ગરીબની પણ પૂરી થાય છે અને શોખ રાજાના પણ અધૂરા રહી જાય છે.

- rasikvaland1965@gmail.com